મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૬૪ ટકા

ગાંધીનગર તાપમાન

# રાજપૂત સમાજના રાસ ગરબાની રમઝટ






ગાંધીનગરમાં હજુ પણ નવરાત્રિનો જુસ્સો યથાવત છે. પરંપરાગત શેરી ગરબા અને પાર્ટી પ્લોટના ગરબા પૂર્ણ થયા છે પરંતુ વિવિધ સામાજિક તથા સ્વૈચ્છિક સંગઠનો દ્વારા રાસ-ગરબા હજુ પણ યોજાઈ રહ્યા છે. ગાંધીનગરના રાજપૂત સમાજ દ્વારા શહેરના એક ખાનગી પાર્ટી પ્લોટમાં સમાજના પરિવારો માટે રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રંગબેરંગી પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ ખેલૈયાઓએ ભારે ધૂમ મચાવી હતી. આ રાસ ગરબામાં રાજપૂત સમાજની યુવા દિકરીઓએ તથા યુવાનોએ તલવારબાજીના દિલધડક કરતબ પ્રસ્તુત કર્યા હતા. આ પ્રસંગે સમાજના અગ્રણીઓએ ઉપસ્થિત રહી મા જગદંબાની આરતીનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

## જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ યોજાઈ




ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટેની સ્પર્ધાનું આયોજન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તાજેતરમાં ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય, ગ્રામભારતી, અમરાપુર તા. માણસા ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે અમૃતભાઈ પટેલ નિયામક ગ્રામભારતી, નરેશ ઠાકર પૂર્વ પીઆરઓ-જીપીસીબી ગાંધીનગર, વસંતભાઈ પટેલ-વિજ્ઞાન સંશોધક, રમીલાબેન ચૌધરી-આચાર્યા ગ્રામશાળા-ગ્રામભારતી, ડૉ. અનીલભાઈ પટેલ-મેનેજીંગ ટ્રસ્ટી નિસર્ગ સાયન્સ સેન્ટર, ચંદુભાઈ પટેલ નિવૃત્ત વિજ્ઞાન શિક્ષક, અંજનાબેન ચૌધરી-આચાર્યા ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્પર્ધાનો મુખ્ય વિષય 'ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન ટેકનોલોજી અને નવિનીકરણ' રાખવામાં આવ્યો છે અને તેના આઠ જેટલા ગૌણ વિષયો આધારિત પ્રોજેકટ વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. ગાંધીનગરની જુદી જુદી પ્રાથમિક અને માધ્યમિક પર જેટલી શાળાઓના ૭૦ જેટલા પ્રોજેકટ વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યા હતા.


વિજેતા વિદ્યાર્થીઓને તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ સ્પર્ધાના સમગ્ર આયોજનમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ, વિવેક મકવાણાએ ભારે જહેમત ઉઠાવી હતી.

### રાજયકક્ષાની સ્પર્ધા માટે ૧૦ શાળાની પસંદગી

(૧) શ્રીમતી આર.જી. પટેલ કન્યા વિદ્યાલય, સે-૨૩, ગાંધીનગર
(૨) હીલવુડસ સ્કુલ, સે-૨૫, ગાંધીનગર
(૩) શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ, સે-૨૩, ગાંધીનગર
(૪) શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા, સે-૨૩, ગાંધીનગર
(૫) માતંગી સાર્વ. વિદ્યાલય, સે-૨૫, ગાંધીનગર
(૬) શ્રીમતી એમ.બી. પટેલ કન્યા વિદ્યાલય, સે-૨૩, ગાંધીનગર
(૭) જયોતિ વિદ્યાલય, રિદ્રોલ, તા. માણસા
(૮) હીલવુડસ સ્કુલ, સે-૨૫, ગાંધીનગર
(૯) સ્વસ્તિક હાયર સેકન્ડરી સ્કુલ, મોટેરા, તા.જી. ગાંધીનગર
(૧૦) એમ.બી. પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કુલ, સે-૨૩, ગાંધીનગર

## ચિલોડા-હિંમતનગર માર્ગ પરના દબાણો હટાવાયા

### વર્ષો જુના ૩૦થી વધુ દબાણો હટાવી લેવાતા રોજીરોટી છીનવાઈ ઓવરબ્રીજની કામગીરીના ઓથા હેઠળ ગુડાની પણ કાર્યવાહી



ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલે નેશનલ હાઈવે-૮ની કામગીરીમાં ઓવરબ્રીજ બનાવવાનો ધમધમાટ પુરજોશમાં ચાલી રહ્યો છે. ચિલોડા સર્કલથી દહેગામ, સાદરા, હિંમતનગર, અમદાવાદ વગેરે તરફ જતા માર્ગો ઉપર વર્ષો જુના દબાણો તબક્કાવાર હટાવી લેવાઈ રહ્યા છે.જેમાં મંગળવારના રોજ હિંમતનગર માર્ગ ઉપરના ૩૦થી વધુ દબાણો ગુડાએ હટાવી લઈ કામગીરી કરી છે. જો કે વર્ષોથી કાચા દબાણો કરી પરિવારનું ભરણપોષણ કરતા વ્યવસાયીઓની રોજગારી છીનવાઈ જતાં રોજીરોટીનો પ્રશ્ન ઉભો થયો છે.

ચિલોડા સર્કલ ટુંક સમયમાં નવા રૂપરંગ સાથે આકર્ષક બની સગવડોથી ભરપૂર બનશે. જેમાં હાલ સિકસલેનની કામગીરી અન્વયે ચિલોડા સર્કલે ઓવરબ્રિજની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. દરમિયાન થોડા દિવસ અગાઉ ચિલોડાથી દહેગામ તરફ જતા માર્ગ ઉપરના દબાણો તંત્ર એ હટાવીને રેલીંગ મારી દીધી છે. તેમજ મંગળવારના રોજ ચિલોડા સર્કલે હિંમતનગર તરફ જતા માર્ગ ઉપર ઝુંપડા બાંધીને ચા-પાણી, નાસ્તા કે કટલરીનો વ્યવસાય કરતા ૩૦થી વધુ ગરીબ ધંધાદારીઓના ગુડાએ દબાણ હટાવી લઈ માર્ગ ખુલ્લો કરી દીધો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ચિલોડા સર્કલે ઘણા વર્ષોથી આજુબાજુ વિસ્તારના અસંખ્ય પરિવારો રોજીરોટી મેળવી પરિવારનું ભરણપોષણ કરતા હતા. જેઓનો હાલ ધંધો બંધ થઈ જતા બે ટંક ભોજનના પણ વલખાં ઉભા થયા છે. સરકાર દ્વારા ગરીબોના ઉધ્ધાર અર્થે કરાતી અનેક યોજના પૈકી આ વ્યવસાયીઓને પહેલાં તેમના રોજગારની વ્યવસ્થા કરાઈ હોત તો ગરીબ પરિવાર વધુ લાચાર ન બન્યો હોત તેવા પ્રશ્નો પણ ઉભા થયા છે વધુમાં વૈકલ્પિક વ્યવસ્થા પણ હાથ ધરાયા વગર કરાયેલી આ કાર્યવાહીનો પણ સખત વિરોધ ઉભો થયો છે. ચિલોડા સર્કલથી દહેગામ, અમદાવાદ, હિંમતનગર, ગાંધીનગર, સાદરા વગેરે તરફ જવા દૈનિક હજારો લોકોની આવનજાવન છે ત્યારે ભવિષ્યમાં પણ બનનારા હાઈવેની આજુબાજુ કે ઓવરબ્રિજ નીચે ગરીબ પરિવારોને સ્થાન મળી રહે તે ઈચ્છનીય બન્યું છે.

### આઈ લવ માય ગાંધીનગર



**અંજનાબેન એમ રાવલ**

**ગાંધીનગર ગમે**

આ શહેર પોતાની નોકરીયાત વર્ગ માટેના શહેરની ઓળખાણને બદલીને અનેક શિક્ષણવિદ, વૈજ્ઞાનિક, બિલ્ડર, પર્યાવરણ પ્રેમી, ધાર્મિક સંસ્થાઓ, સેવાકીય સંસ્થાઓથી ધબકી રહ્યું છે ને એટલે તે ખૂબ ગમે છે.

**નગરજનો**

ઉચ્ચતમ વિચારસરણી ધરાવતા વિચક્ષણ અને લાગણીશીલ વ્યકિતઓ આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગાંધીનગર કલ્ચરલ ફોરમ, જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર સાહિત્ય સભા, લાયન્સ-રોટરી કલબ, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન, આર્ષ-અક્ષરધામ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓથી વાકેફ છું અને તે મને ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

શહેરને સ્વચ્છ અને વ્યવસ્થાની દૃષ્ટિએ સુદૃઢ બનાવવાની આવશ્યકતા મહેસૂસ થઈ રહી છે.

**નગર માટે હું કરી શકું**

સાહિત્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે સેવા શહેરને આપવા માટે હું તૈયાર છું.

## પ્રેમિકાની યાદ અપાવતા દુપટ્ટાથી પ્રેમીએ ગળે ફાંસો ખાઈ લીધો

ગાંધીનગર, તા.૩

કલોલના ધમાસણા ગામે એક શ્રમિક યુવાને ગઈ કાલે દુપટ્ટાથી ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધો હોવાની ઘટના બનવા પામી હતી. આ ઘટનામાં મળતી વિશેષ માહિતી અનુસાર આ યુવાને પ્રેમલગ્ન કરી લીધા હતા અને તાજેતરમાં પ્રેમિકાના પરિવારજનોએ તેણીને શોધી કાઢીને ધમાસણાથી ઘરે લઈ ગયા હતા. પ્રેમિકા તેણીની યાદ માટે એક દુપટ્ટો ઘરે મુકીને ગઈ હતી. આ દુપટ્ટાથી જ પ્રેમી યુવાને ગળે ફાંસો ખાઈ લીધો હોવાનું જાણવા મળ્યું છે.

પ્લમ્બીંગ કામ કરતા ૨૭ વર્ષીય શ્રમિક રજની હિંમતલાલ દરજીને ધમાસણામાં એક મકાનમાં મજુરી કામ ચાલતું હતું. ગઈ કાલે રજનીએ તે જ મકાનમાં છતના હુકે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. મળતી મહિતી મુજબ આ યુવાને બે ત્રણ મહિના પહેલા ઉત્તર ગુજરાતના એક ગામમાં રહેતી તેની પ્રેમિકા સાથે પ્રેમ લગ્ન કરી લીધા હતા. ત્યારથી પ્રેમીકાને તેણીના પરિવારજનો શોધી રહ્યા હતા. તાજેતરમાં જ દિકરીને શોધી કાઢીને રજનીના ઘરેથી પરિવારજનો લઈ ગયા હતા. પ્રેમિકા રજની માટે તેની યાદગીરી રૂપે એક દુપટ્ટો ઘરે મુકી ગઈ હતી. આ દુપટ્ટાને જોઈને રજની રોજ તેની પ્રેમિકાને યાદ કરતો રહેતો હતો. અંતે પ્રેમિકાના વિરહમાં તેની યાદ અપાવતા તેણીના દુપટ્ટાથી જ ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધો હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. કલોલ પોલિસે આ મામલે ઉંડી તપાસ શરુ કરી છે.

## સે-૨માં ધોળે દિવસે ઘરફોડ ચોરી

ગાંધીનગર, તા.૩

શહેર પોલિસ રેલી-ધરણાંઓ અને વીવીઆઈપીના બંદોબસ્તમાં વ્યસ્ત હોય છે. આ તકનો તસ્કરો લાભ લઈ રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં તસ્કરો બેફામ બન્યા છે જે તાજેતરમાં થયેલી ઘરફોડ ચોરીઓ પરથી કહી શકાય તેમ છે. આજે સેકટર-૨માં ધોળે દિવસે તસ્કરોએ ઘરફોડ ચોરી કરી હતી. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના મહિલા અધિકારીના મકાનના તાળા તોડીને તસ્કરો અંદરથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી ત્રણ લાખની મત્તા સાફ કરી ગયા છે. સે-૭ પોલીસે મહિલા અધિકારીની ફરિયાદને આધારે ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત તથા ડૉગ સ્કવૉર્ડ બોલાવી વધુ તપાસ શરુ કરી છે.


**ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાં ડેપ્યુટી સેક્રેટરીના મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું : અધિકારી દંપતી સવારે ઓફીસ ગયું ને તસ્કરો ત્રણ લાખની મત્તા સાફ કરી ગયા**

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૨-બી પ્લોટ નં. ૧૧૨૩/૨ ખાતે રહેતા અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે ફરજ બજાવતા મીનાબેન અતુલભાઈ ઠાકરના ઘરમાં આજે દિનદહાડે તસ્કરો ત્રાટકયા હતા. મીનાબેન ઠાકર અને સરદાર સરોવર નિગમમાં ફરજ બજાવતા તેમના પતિ બંને નિત્યક્રમ મુજબ આજે સવારે સાડા દશે પોતાના ઘરને તાળુ મારીને પોત પોતાની ઓફીસે ગયા હતા. બપોરે સવા એક વાગ્યે અતુલભાઈ ઠાકર ઘરે જમવા આવ્યા ત્યારે જોયું તો તાળુ તુટેલું હતું અને અંદર સામાન વેરવિખેર પડયો હતો. અઢી કલાકમાં તસ્કરોએ મકાનનું તાળુ તોડી અંદર ઘુસીને સોનાની છ વીંટીઓ, બે બંગડીઓ, બે લકી, કડુ, ૬ ચુની અને પેન્ડલ સહિતના દાગીના તથા ૬૦ હજાર રોકડા મળી કુલ રૂ. ૨,૯૪,૦૦૦નો મુદ્દામાલ ઉઠાવી લીધો હતો. ઘરફોડ કરી મુદ્દામાલ સાફ કરી તસ્કરો ફરાર થઈ ગયા અંગે મીનાબેનની ફરિયાદ લઈ સે-૭ પી.આઈ. પી.બી. ચૌહાણે વધુ તપાસ શરુ કરી છે.

## સંવેદનાત્મક ચિત્રો થકી ગાંધી જયંતિની અનોખી ઉજવણી

### આપણું ફાઉન્ડેશન દ્વારા આદિવાડા પ્રા. શાળામાં પેઈન્ટિંગ ફેસ્ટિવલ ઉજવાયો : ૫૭ યુવા ચિત્રકારોએ ભાગ લીધો







ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં પ્રથમવાર આપણું ફાઉન્ડેશન દ્વારા સરકારી પ્રાથમિક શાળામાં પેઈન્ટિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો હેતુ શાળાના બાળકોને પ્રેરણા અને પ્રોત્સાહન મળે તેનો હતો. ગાંધી જયંતિના પાવન દિવસે સેકટર-૨૮ની આદિવાડા પ્રાથમિક શાળામાં આ પેઈન્ટિંગ ફેસ્ટિવલ યોજાયો હતો. જેમાં ગાંધીનગરના ૫૭ યુવા ચિત્રકારોએ ભાગ લીધો હતો.

આપણું ફાઉન્ડેશન પ્રેરિત પેઈન્ટિંગ ફેસ્ટિવલમાં આદિવાડા પ્રાથમિક શાળાની કંપાઉન્ડ વૉલ પર ચિત્રકારોએ આખા દિવસની મહેનતના અંતે એકથી એક ચઢિયાતા ચિત્રોનું સર્જન કર્યું હતું. જેમાં સ્વચ્છતા, મા-બાપ એજ સર્વસ્વ, મહિલા સશકિતકરણ, શિક્ષણ, પર્યાવરણ બચાવો, જૈવિક વૈવિધ્ય બચાવો, બાળક એ જ રાષ્ટ્રનું ભવિષ્ય, રકતદાન-મહાદાન, એકતામાં શકિત તથા મેક ઈન ઈન્ડિયા જેવી વિવિધ થીમ આધારિત ચિત્રોનો સમાવેશ થાય છે. આ ફેસ્ટિવલમાં ૧૧ વર્ષીય બાળ ચિત્રકાર 'તત્સત વસાવડા'એ મુલાકાતીઓનું ધ્યાનાકર્ષિત કર્યું હતું.

પેઈન્ટિંગ ફેસ્ટિવલના પ્રારંભે આયોજિત કાર્યક્રમમાં ગુડાના ચેરમેન આશિષ દવે, મનપાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા કલેકટર સતિષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, સાશના અધિકારી છાયાબેન રાવલ, પી.આઈ. પી.સી. વાલેરા, કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તથા સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા ગાંધીનગર વાહન વ્યવહાર મંડળી લિ., મિલિન્દભાઈ પ્રિયદર્શી, પેથાપુરના ન્યુ અરિહંત ગારમેન્ટસના સંજયસિંહ જાડેજા તથા ઉદયસિંહ રાજપૂતે દાન આપી સહયોગ આપ્યો હતો. પેઈન્ટિંગ ફેસ્ટિવલના વિજેતાઓને રોકડ પુરસ્કારથી નવાજવામાં આવશે.

### પેઈન્ટિંગ ફેસ્ટિવલના વિજેતાઓ

પ્રથમ ક્રમ : સચિન ગૌડ રૂ. ૧૧,૦૦૧/-
દ્વિતિય ક્રમ : ધાર્મિક જાની અને ટીમ રૂ. ૫,૦૦૧/-
તૃતીય ક્રમ : ચંદ્રેશ સોની રૂ. ૨,૧૦૧/-
નિતુ ચૌહાણ અને ટીમ રૂ. ૨,૧૦૧/-
બેસ્ટ શેડસ : ભવ્યા રાઠોડ અને ટીમ રૂ. ૧,૦૦૧/-
પ્રિયંકા પટેલ અને ટીમ રૂ. ૧,૦૦૧/-
બેસ્ટ મેસેજ : દિવ્યા રાવલ અને ટીમ રૂ. ૧,૦૦૧/-

### શાળાને મળી સીસીટીવી કેમેરાની ભેટ

આપણું ફાઉન્ડેશન દ્વારા પેઈન્ટિંગ ફેસ્ટિવલ અંતર્ગત આદિવાડા સરકારી પ્રાથમિક શાળાને સીસીટીવી કેમેરાની ભેટ આપવામાં આવી હતી. જેના થકી શાળામાં બાળકોની સુરક્ષા વધુ સઘન બનશે.

### વાતવાતમાં

● પથિકાશ્રમથી ચ-૩ સર્કલ તરફ જતા માર્ગ પર બપોરના સુમારે એક સ્કૂટર ચાલક ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા પડી જવા પામ્યો હતો. સદભાગ્યે પાછળ કોઈ મોટું વાહન આવતું ના હોવાથી આ સ્કૂટર ચાલકનો જીવ તો બચી ગયો પરંતુ તેને અને તેના મોબાઈલને ઈજાઓ થવા પામી હતી.

● દિવાળી ઢૂકડી આવતા જ નગરજનોએ વેકેશનના પ્લાનીંગ ચાલુ કરી દીધા છે. વેકેશનમાં પ્રવાસ પર જવા માટે અત્યારથી ટૂર્સ ઓપરેટર્સ તથા રેલવે બુકિંગ વગેરેમાં ઈન્કવાયરી સાથે ધસારો જોવા મળી રહ્યો છે.

### ચિરવિદાય

- સ્વ. જગદીશભાઈ ડાહ્યાભાઈ દરજી, ઉ.વ. ૪૮
- સ્વ. શિવાબેન અઠાજી રાઠોડ, ઉ.વ. ૧૦૦
- સ્વ. લીલાબેન દશરથભાઈ સિસોદીયા, ઉ.વ. ૫૭